


સુવિચાર : ગરીબીએ કામચલાઉ દોષ છે, પરંતુ અતિ સમૃદ્ધિ એ કાયમી રોગ છે - ખલીલ જીબ્રાન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૨ | ૧૨ એપ્રિલ, ૨૦૧૫, રવિવાર ; ચૈત્ર વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# શહેરમાં વાવાઝોડા સાથે વરસાદ

## સાંજે અચાનક વાતાવરણમાં નાટ્યાત્મક પલ્ટો : ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ વરસ્યો : અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી : માણસાના બદપુરામાં ખેડૂતનું મોત

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના વિવિધ વિસ્તારોમાં આજે પવનની આંધી સાથે આવેલા કમોસમી વરસાદે જનજીવન પર ઘેરી અસર કરી છે. ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં પડેલા કરાને લઈ વાતાવરણમાં શિયાળા જેવી ઠંડક વ્યાપી જવા પામી હતી.

ગાંધીનગર જિલ્લામાં પવનની આંધી સાથે થયેલા વરસાદને કારણે માણસા તાલુકામાં એક વ્યક્તિનું મૃત્યુ નિપજ્યું છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના મહત્વના પાક ઈસબગુલને વ્યાપક નુકસાન થવા પામ્યું છે. કેરીના પાકને પણ નુકસાન થતાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

શહેરમાં આજે બપોર બાદ વાતાવરણમાં નાટ્યાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. પવનના સુસવાટા સાથે આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા.નભમાં વરસાદી વાદળો ઘેરાતા પલવારમાં જ અષાઢી માહોલ સર્જાયો હતો.વાતાવરણમાં ઉડતી ધૂળની ડમરીઓથી મૌસમનૌ નઝારો બદલાઈ ગયો હતો.વાદળગર્જના અને પવનની લહેરકીથી સર્વત્ર ઠંડક પ્રસરી હતી.સાંજે ગાજવીજ સાથે વરસાદ શરુ થઈ ગયો હતો.ખુશનુમા વાતાવરણ વચ્ચે ભીની માટીની મહેક પ્રસરી હતી.વરસાદી વાયરાથી ખેડૂતો પણ ચિંતામાં મુકાઈ ગયા હતા.ગરમીથી ત્રસ્ત નગરજનોએ પણ બદલાતાં મૌસમની મજા માણી હતી. ૮ થી ૧૦ કી.મી ની ઝડપે પવન ફૂંકાયો હતો.ભારે પવનના લીધે શહેરમાં અનેક ઠેકાણે વૃક્ષો ધરાશયી થઈ ગયા હતા.હવામાન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ લોકલ ફિનોમિલાની અસરથી વરસાદી વાયરો ફૂંકાયો છે.

મૌસમનો મિજાજ વારંવાર બદલાતા આકરા ઉનાળે આજે અષાઢી માહોલ સર્જાયો હતો.સવારથી આકરી ગરમી વચ્ચે નગરજનો

● અનુસંધાન પાન-૭ પર

### ફુંકાયેલા પવને બદપુરાનાં ખેડૂતનો ભોગ લીધો

ગાંધીનગર, તા. ૧૧

માણસા તાલુકાના બદપુરા ગામની સીમમાં રહેતા ૫૦ વર્ષિય ખેડૂત ગોવાબાઈ રેવાભાઈ ચૌધરી અને તેમના ભાગીયા બંને ખેતરમાં કામકાજ કરી રહ્યા હતા તે દરમ્યાન એકાએક થયેલા વાતાવરણ પલટા બાદ ફુંકાયેલા વાવાઝોડાને કારણે બંને બોરકુવાની ઓરડી તરફ ગયા હતા. ઓરડીના નાળીયા પવનથી ઉડીને ગોવાભાઈ અને તેમના ભાગીયા ઉપર પડ્યા હતા. આ ઘટનાને પગલે બંને ગંભીર રીતે ઘવાતા તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં ગોવાભાઈનું સારવારમાં મૃત્યુ નિપજ્યું છે, જ્યારે ભાગીયાની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે.

### ગરમીનો પારો પણ ત્રણ ડીગ્રી ગગડયો!

ગાંધીનગરમાં આજે બપોરે સર્જાયેલા નાટયાત્મક હવામાન પલ્ટાના અંતે ગરમીનો પારો પણ નીચો ગગડયો હતો. ચૈત્ર આકાશે ચઢતા ગત સપ્તાહ દરમિયાન ગરમીના પ્રમાણમાં એકાએક નોંધપાત્ર વધારો થયો હતો. જેના લીધે ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર થઈ ગયો હતો. આજે પણ બપોરના આકરા તાપ બાદ અચાનક જ મૌસમનો મિજાજ બદલાતા ગરમીનો પારો ગગડયો હતો. ગઈ કાલે મહત્તમ તાપમાન ૩૯ ડીગ્રી રહ્યું હતું જયારે વાતાવરણમાં બદલાવના અંતે આજે ગરમીનો પારો ૩૬ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો. વરસાદી વાયરા બાદ વાતાવરણમાં અઓખી ઠંડક પ્રસરી હતી. નગરનો પણ વરસાદી સાંજની મજા લેવા બહાર નીકળી પડયા હતા.




(તસવીર : દિપક જાની)





સાકાર કરો, તમારૂં નવુ સરનામું

હવે રેડી પઝેશન

જો જો તક ચુકતા...



- શ્રેષ્ઠ લોકેશન
- શ્રેષ્ઠ બાંધકામ
- વ્યાજબી કિંમત
- લોન પેપર્સ ઉપલબ્ધ
- દરેક યુનીટમાં ઉત્તમ હવા-ઉજાસ
- કિડ્ઝ સ્પ્લેશ પુલ અને પ્લે એરીયા
- સુવિધાસભર કલબ હાઉસ
- સીકયુરીટી કેબીન અને CCTV કેમેરા
- લેન્ડસ્કેપ ગાર્ડન
- ઈન્ટરકોમ સિસ્ટમ
- વિશાળ રોડ રસ્તા

જુજ બંગ્લોઝ બાકી

SURYA™ GROUP

SURYA RETREAT
3BHK BUNGALOWS

સાઇટઃ સૂર્યા રોડ, પ્રમુખ નગર ની પાછળ, મહાત્મા મંદિર (ખ) રોડ, સરગાસણ ચાર રસ્તા પાસે, ગાંધીનગર.

ફોન : ૭૮૨૦૦ ૯૯૦૯૯

*શરતો લાગુ

Member
GIHED
CREDAI GUJARAT